।। શ્રી આદિનાથ–ચક્રેશ્વરી દેવી મહાપૂજન+હવન ।।

૧) પૂજનના આગળના દિવસે માંડલું બનાવવું...

૨) પૂજનની તમામ સામગ્રી જોઈ લેવી અને ખૂટતી વસ્તુ મંગાવવી...

૩) માંડલું બનાવવાની જગ્યા સાફ કરાવી ગૌમુત્ર – ગુલાબજળ તથા સુવર્ણ જળથી શુદ્ધ કરવી...

૪) ૧ વાટકો કેસર તથા ૩ વાટકી બરાસ પહેલેથી ઘસાવવું...

૫) માંડલાની બંને બાજુ પાટલા ગોઠવી, માંડલામાં પધરાવવાનાં દ્રવ્ય અલગ–અલગ થાળીમાં વલયાનુસાર તૈયાર કરી, પાટલા પર મુકવા...

૬) સિંહાસન સામે મોટો પાટ મુકી લાલકપડુંપાથરી, ફલ–નૈવેદ્યાદિ અન્યસામગ્રીવ્યવસ્થિત ગોઠવી તૈયાર કરવી.

૭) સિંહાસન પાસે સ્નાત્રપૂજા માટેની સંપૂર્ણ તૈયારી કરવી. (ચામર, દર્પણ, પંખો, થાળી–ડંકો, ધૂપ–દીપક આદિ...)

૮) માંડલાની સામે યંત્ર માટે બાજોઠ મુકી બાજોઠ નીચે ચોખાથી સ્વસ્તિક કરી શ્રીફળ, સોપારી-બદામ-સવારુ મુકવો.

૯) બાજોઠ પર નાળચાવાળો થાળ મુકી કેસરથી સાથીયો કરી, સવા રુપિયો, ચોખા, સોપારી, બદામ મુકી આદિનાથ પ્રભુની પ્રતિમા પધરાવવી.

૧૦) પ્રતિમા પાસે પૂજાની સામગ્રી તૈયાર રાખવી. દા.ત. કેસર, બરાસ, પુષ્પ, નાડાછડી બાંધેલા કળશો, પૂજાની થાળી, વાટકી, એક બાલ્ટી પંચામૃત, એક બાલ્ટી શુદ્ધ પાણી, અંગલૂંછણા, પાટલૂંછણાં, નેપકીન, ધૂપ-દીપક, માચીસ, કુંડી વગેરે.

૧૧) પ્રતિમાજી સામે ૩-૪ કટાસણા પાથરવા.

૧૨) પ દેરી પાસે તેમાં પધરાવવાના દ્રવ્યની થાળી રાખવી.

૧૩) સિંહાસન તેમજ પ્રતિમાજી પાસે ધૂપ-દીપક અખંડ રીતે ચાલુ રાખવા.

૧૪) વિધિકારકે જ્યાં બેસવાનું હોય ત્યાં ૧ થાળીમાં રક્ષાપોટલી, મીંઢળ, વાસક્ષેપ તૈયાર રાખવો તથા થાળી ડંકો તૈયાર રાખવો.

૧૫) ભૂમિશુદ્ધિ માટે એક કળશમાં સુગંધિત સુવર્ણજળ તથા પુષ્પ અને એક વાટકીમાં કેસર તથા પુષ્પ તૈયાર રાખવું

૧૬) શાંતિકળશની સંપૂર્ણ તૈયારી કરવી. દા.ત. અષ્ટમંગળનો ઘડો, સોપારી, બદામ, સવા રુપિયો, ચોખા, કળશો, નાડાછડી, નાગરવેલના ચારપાન, શ્રીફળ, લીલું કપડું, વરખ, કેસર, બાદલું, પુષ્પમાળા આદિ.

૧૭) ૧૦૮ દીપકની આરતી પાંચ દીપકની આરતી તથા મંગલ દીપક અને કપૂર તૈયાર રાખવું.

૧૮) પૂજન ચાલુ કરતા પહેલાં દશાંગ ધૂપ-કંકુપ ધૂપથી વાતાવરણની શુદ્ધિ કરવી.

૧૯) બે થાળીમાં કોરા ચોખા વધાવવા માટે રાખવા.

૨૦) પૂજનાર્થીના હાથમાં મીંઢણ અથવા નાડાછડી બંધાવવી.

૨૧) પૂજનાર્થીને મુગટ-માળા ધારણ કરાવવા.

૨૨) દરેક પૂજનાર્થીને હાથ ધોઈ ધૂપી પછી જ પૂજન કરાવવું.

૨૩) શક્ય હોય ત્યાં સુધી દેરાસર અથવા પૂજનનું સ્થળ સજાવવું અને આસોપાલવનું તોરણ બંધાવવું.

Note:

૧) પૂજનની સમાપ્તિ સુધી ધૂપ-દીપક અખંડ પણે ચાલુ રહે તેનું ધ્યાન રાખવું.

૨) સિંહાસન, માંડલું અને યંત્ર વચ્ચેથી આડ ન પડે તેનું ધ્યાન રાખવું.

૩) માંડલામાં પૂજન માટે પુરુષને પરમાત્માની જમણી બાજુ અને સ્ત્રીને ડાબી બાજુ ઉભા રાખવા.

૪) પૂજનની મધ્યમાં જીવદયાની ટીપ કરાવવી.

૪) કાળા વસ્ત્રો પહેરીને કોઈપણને પ્રવેશ કરવા દેવો નહીં.

૫) પૂજનની સર્વ સામગ્રી પર ધૂપ કરવો.

૬) મજબૂત સંકલ્પ કરી પૂજનની શુભ શરુઆત કરવી.

॥ શ્રી આદિનાથ-ચક્રેશ્વરી દેવી મહાપૂજન પૂર્વવિધિ ॥

(સૌ પ્રથમ પં. વીર વિજયજી મ.સા. કૃત સ્નાત્રપૂજા ભણાવવી.)

- ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને શ્રીફળ અર્પણ કરી મહાપૂજનની નિર્વિઘ્ન સમાપ્તિ માટે વિનંતી કરવી.

નીચે લખેલો મંત્ર બોલી સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.

- પંચામૃત અને પાણી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્રઃ-

ॐ आपोऽप्काया એકેન્દ્રિયા જીવાઃ

निर्वद्यार्हत् पूजायां निर्व्यर्थाः सन्तु निष्पापाः

सन्तु सद्गतयः सन्तु न मे संघट्टन हिंसाऽर्हदर्चने स्वाहा ॥

- ધૂપ તથા દીપક ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર...

ॐ अग्नयोऽग्निकाया એકેડન્દ્રિયા જીવાઃ

निर्वद्यार्हत् पूजायां निर्व्यर्थाः सन्तु निष्पापाः

सन्तु सद्गतयः सन्तु न मे संघट्टन हिंसाऽर्हदर्चने स्वाहा...!

- શેષ તમામ સામગ્રી તથા માંડલા ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર...

ૐ વનસ્પતયો વનસ્પતિકાયા એકેન્દ્રિયા જીવાઃ

નિર્વઘ્નાર્હત્ પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ

સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસાડર્હદર્ચને સ્વાહા...!

"ૐ ભૂર્ભુવઃ સ્વધાય સ્વાહા" (આ મંત્ર સાત વાર બોલી વાસક્ષેપથી અભિમંત્રિત ચોખા, પૂજન ભૂમિ પર નાખી ભૂમિ શુદ્ધિ કરવી.)

- ત્યાર બાદ પૂજ્ય ગુરુભગવંતની અનુજ્ઞા લઈને પૂજનનો પ્રારંભ કરવો.

।। અથ શ્રી મહાવીર સ્વામિ મહાપૂજન વિધિ ।।

–: મંગલાચરણ :–

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પઞ્ચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મઙ્ગલમ્ ।।

૧) ૐ હ્રીઁ નમો અરિહંતાણં ।
૨) ૐ હ્રીઁ નમો સિદ્ધાણં ।
૩) ૐ હ્રીઁ નમો આયરિયાણં ।
૪) ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં ।
૫) ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।
૬) ૐ હ્રીઁ શ્રી આદિનાથાય નમઃ ।
૭) ૐ હ્રીઁ શ્રી ચક્રેશ્વર્યૈ નમઃ ।

(આ પાઠ સુમધુર સ્વરે ત્રણ વાર બોલવો.)

॥ અથ ભૂમિશુદ્ધિ વિધાનમ્ ॥

(૧) પૂજન ભૂમિની આસપાસમાં રહેલા વાયુ મંડળને વાયુ શુદ્ધ કરવા માટે

દેવલોકમાંથી વાયુકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ- ૐ હ્રીઁ વાતકુમારાય વિઘ્નવિનાશકાય મહીં પૂતાં કુરુ કુરુ સ્વાહા ॥

(આ મંત્ર બોલી દર્ભના ઘાસથી અથવા ખેસથી પ્રમાર્જના કરતા કરતા એક પ્રદક્ષિણા આપવી.)

(૨) ભૂમિ પર સુગંધિત સુવર્ણ જળની વૃષ્ટિ કરવા માટે દેવલોકમાંથી મેઘકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ- ૐ હ્રીઁ મેઘકુમારાય ધરાં પ્રક્ષાલય પ્રક્ષાલય હૂઁ ફૂટ્ સ્વાહા ॥

(આ મંત્ર બોલી પુષ્પ અથવા દર્ભના ઘાસને પાણીમાં બોળી પાણી

છાંટતા છાંટતા એક પ્રદક્ષિણા આપવી.)

(૩) પૂજનભૂમિની વિશેષ શુદ્ધિ હેતુ ભૂતધાત્રી દેવીને નિમંત્રણ...

મંત્રઃ- ૐ ભૂરસિ ! ભૂતધાત્રિ ! સર્વભૂતહિતે ! ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ॥

(આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનના છાંટણાં કરતા કરતા પ્રદક્ષિણા આપવી.)

(૪) દિગ્ બંધન – (દુષ્ટ દેવી દેવતાઓના પ્રવેશ નિષેધ માટે નીચે લખેલા મંત્ર બોલી પાંચ દિશામાં પાણી છાંટવું.)

દિશાઃ–	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર ઉર્ધ્વ
મંત્રઃ–	ક્ષાઁ	ક્ષીઁ	ક્ષૂઁ	ક્ષૌઁ ક્ષઃ

(૫) શોધન મંત્ર – (નીચે લખેલો મંત્ર બોલી મનની શુદ્ધિ થઈ રહી છે. એવું ચિંતન કરવું.)

મંત્રઃ– ૐ અરજે વિરજે અશુદ્ધ વિશોધિનિ માં શોધય શોધય સ્વાહા ॥

(૬) ભાવસ્નાન – (બંને હાથમાં વિવિધ મહાન તીર્થો અને પવિત્ર નદીઓનું પાણી છે, અને એના દ્વારા હું સ્નાન કરી રહ્યો છું. એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ નમો વિમલનિર્મલાય સર્વતીર્થજલાય

પાઁ પાઁ વાઁ વાઁ ઝ્વીઁ ક્ષ્વીઁ અશુચિઃ

શુચિર્ભવામિ સ્વાહા ।।

(આ મંત્ર બોલી શરીર પર ભાવથી સ્નાન કરવું...)

(૭) અમૃતાભિષેક – (નિમ્નોકત મંત્ર બોલતા મારા પર અમૃતની વર્ષા થઈ રહી છે અને મારો આત્મા પવિત્ર, નિર્મલ થઈ રહ્યો છે એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ અમૃતે ! અમૃતોદ્ભવે !

અમૃતવર્ષિણિ ! અમૃતં શ્રાવય શ્રાવય સ્વાહા ।।

(૮) કલ્મષદહન – (વિષય કષાયના કચરાને ભસ્મીભૂત કરવાની ભાવના સાથે મંત્ર બોલવા પૂર્વક બંને ભૂજાઓને સ્પર્શ કરવો.)

મંત્રઃ– ૐ વિદ્યુત્સ્ફુલિઙ્ગે ! મહાવિદ્યે સર્વકલ્મષં દહ દહ સ્વાહા ।।

(૯) હૃદય શુદ્ધિ – (રાગ-દ્વેષથી રહિત બનવાની ભાવનાપૂર્વક હૃદય પર બન્ને હાથ રાખવો.)

મંત્રઃ– ૐ વિમલાય વિમલચિત્તાય ક્ષ્વીં ક્ષ્વીં સ્વાહા ।।

(૧૦) અંગુલીન્યાસ – (આંગળીઓને દેવાધિષ્ઠિત કરવા માટે પહેલા મંત્ર બીજથી તર્જની દ્વારા અંગુઠાને અને બાકીના મંત્ર બીજો દ્વારા અંગુઠાથી ચારેય આંગળીઓને સ્પર્શ કરવો.)

આંગળીઃ–	અંગુઠો	તર્જની	મધ્યમા	અનામિકા	કનિષ્ઠા
મંત્રઃ–	હ્રાઁ	હ્રીઁ	હ્રૂઁ	હ્રૌઁ	હ્રઃ

(૧૧) પંચાગન્યાસ – (આરોહ-અવરોહપૂર્વક (૧) ઢીંચણ (૨) નાભિ (૩) હૃદય (૪) મુખ અને (૫) શિખા એમ પાંચે અંગો પર હાથનો સ્પર્શ કરવાપૂર્વક મંત્ર બીજોની સ્થાપના કરવી.)

ક્રમઃ	૧	૨	૩	૪	૫
આરોહ :	ક્ષિ	૫	ૐ	સ્વા	હા,
ક્રમઃ	૫	૪	૩	૨	૧
આરોહ :	હા	સ્વા	ૐ	૫	ક્ષિ

(આ વિધાન ત્રણ વખત કરવું.)

॥ શ્રી વજ્રપઞ્જર સ્તોત્રમ્ ॥

(સંસારિક વિપત્તિઓ દૂર કરનારી, આધ્યાત્મિક સંપત્તિ પ્રદાન કરનારી, સપ્ત ભયોનું નિવારણ કરી અભય બનાવનારી, મહાન્ અનુષ્ઠાન સ્વરુપ આત્મરક્ષા વિવિધ મુદ્રાઓથી કરવા પૂર્વક આપણી આજુબાજુ વજ્રમય કિલ્લો બની રહ્યો છે, એવી કલ્પના કરવી.)

॥ શ્રી વજ્રપઞ્જર સ્તોત્ર વિધાન ॥ (રાગઃ યે તો સચ હૈ કી.....)

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ । આત્મરક્ષાકરં વજ્ર-પઞ્જરાભં સ્મરામ્યહમ્ ॥૧॥
ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ । ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥૨॥
ૐ નમો આયરિયાણં, અઙ્ગરક્ષાઽતિશાયિની । ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દૃઢમ્ ॥૩॥
ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે । એસો પઞ્ચનમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥૪॥
સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ । મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાઙ્ગારખાતિકા ॥૫॥
સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મઙ્ગલં । વપ્રોપરિ વજ્રમયં, વિધાન દેહરક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની । પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા । તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥૮॥

(ઉપરોક્ત સ્તોત્ર જે પૂન્યાત્મા હંમેશા આદર સહિત બોલે છે,

તે આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે.)

॥ અથ ક્ષેત્રપાલ પૂજનમ્ ॥

(જે ભૂમિ ઉપર પૂજન કરવાનું હોય ત્યાંના અધિષ્ઠાયક દેવની અનુજ્ઞા પ્રાપ્ત કરવાના ભાવ સાથે ક્ષેત્રપાલ પૂજન કરવું.)

મંત્રઃ– ॐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી અત્રસ્થક્ષેત્રપાલાય સ્વાહા ।

(યંત્ર ઉપર જળ, ચંદન તથા પુષ્પ પુજા અને માંડલામાં લીલું શ્રીફલ, ચમેલીનું તેલ, જાસુદનું પુષ્પ તથા સવારુપિયો અર્પણ કરવો.)

॥ રક્ષાપોટલી મંત્રિત વિધાન ॥

મંત્રઃ– ૐ હૂઁ ક્ષૌં ફુટ્ કીરિટિ કીરિટિ ઘાતય ઘાતય,

પરકૃત–વિઘ્નાન્ સ્ફેટય સ્ફેટય સહસ્ત્રખણ્ડાન્ કુરુ કુરુ,

પરમુદ્રાં છિન્દ છિન્દ, પરમન્ત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ ફુટ્ સ્વાહા ॥

(આ મંત્ર સાત વાર બોલી રક્ષાપોટલી ગુરુભગવંતો અથવા વિધિકારકે અભિમંત્રિત કરવી.)

॥ રક્ષાપોટલી બાંધવાનો મંત્ર ॥

મંત્રઃ– ૐ નમોઽર્હતે રક્ષ રક્ષ હૂઁ ફુટ્ સ્વાહા ॥

(આ મંત્ર બોલી દરેક પૂજનાર્થીઓએ શુભ સંકલ્પ કરવા દ્વારા રક્ષાપોટલી બાંધવી.)

॥ વેદિકા સ્થાપના ॥

મંત્રઃ– ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ !

અત્ર મેરુનિશ્ચલે વેદિકાપીઠે તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્વાહા ॥

(આ મંત્ર બોલી બાજોઠ સ્થાપના કરવી.)

॥ ચંત્ર સ્થાપના ॥

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રી આદિનાથ–ચક્રેશ્વરી દેવી મહાયન્ત્રાય નમઃ ॥

(આ મંત્ર બોલી યંત્રને સ્પર્શ કરવો.)

॥ કુસુમાંજલિ વિધાન ॥

(હાથમાં કુસુમાંજલિ લઈને મંત્ર બોલવો.)

મંત્રઃ– પરમેશ્વર! પરમેષ્ઠિન્! પરમગુરો! પરમનાથ! પરમાર્હન્!

પરમાનન્તચતુષ્ટય! પરમાત્મઁસ્તુભ્યમસ્તુ નમઃ ।।

(યંત્રને કુસુમાંજલિથી વધાવવું, પછી શક્રસ્તવ–નમુત્થુણં સ્તોત્ર બોલવું.)

શક્રસ્તવ (નમુત્થુણં) સ્તોત્ર

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ।।૧।। આઇગરાણં, તિત્થરાણં, સયંસંબુદ્ધાણં ।।૨।।
પુરિસુત્તમાણં, પુરિસ–સીહાણં, પુરિસ–વર પુંડરીઆણં, પુરિસવરગંધ–હત્થીણં ।।૩।।
લોગુત્તમાણં, લોગ–નાહાણં, લોગ–હિયાણં, લોગ–પઈવાણં, લોગ–પજ્જો–અગરાણં ।।૪।।
અભય–દયાણં, ચક્ખુ–દયાણં, મગ્ગ–દયાણં, સરણ–દયાણં, બોહિ–દયાણં ।।૫।।
ધમ્મ–દયાણં, ધમ્મ–દેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મ–સારહીણં, ધમ્મ–વર ચાઉરંત ચક્કવટ્ટીણં ।।૬।।
અપ્પડિહય–વરનાણ–દંસણ–ધરાણં, વિઅટ્ટ–છઉમાણં ।।૭।।

જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં મોઅગાણં ।।૮।। સવ્વન્નૂણં, સવ્વ-દરિસીણં, સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહમપુણ રાવિત્તિસિદ્ધિગઈ-નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ।।૯।। જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ-ણાગએ કાલે ।। સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ।।૧૦।

(ત્યારબાદ આહ્વાનાદિ વિધાન કરવું.)

।। અથ આહ્વાનાદિ વિધાનમ્ ।।

આહ્વાન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ અવતરતમ્ અવતરતમ્ સંવૌષટ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

સ્થાપન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ તિષ્ઠતમ્ તિષ્ઠતમ્ ઠઃ ઠઃ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

સન્નિધાન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ મમ સન્નિહિતો ભવતમ્ ભવતમ્ વષટ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ પૂજનં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

અવગુંઠન મુદ્રા: ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ પરેષામદશ્યો ભવતમ્ ભવતમ્ ફટ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

અંજલિ મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ ઈમાં પૂજાં પ્રતીચ્છતમ્ પ્રતીચ્છતમ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

।। શ્રી આદિનાથ અષ્ટપ્રકારી પૂજન્ ।।

૧. જળપૂજા :- (નમોઽર્હત્)

આદિમં, પૃથિવીનાથ-માદિમમ્ નિષ્પરિગ્રહમ્ ।
આદિમમ્ તીર્થનાથંચ, ઋષભસ્વામિનં સ્તુમઃ ।।૧।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય,

અનંતાનંતજ્ઞાનશક્તયે, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે આદિનાથ-જિનેન્દ્રાય, જલં યજામહે સ્વાહા ।

(પંચામૃતથી અભિષેક કરી ગુલાબજલ તથા
શુદ્ધજલનો અભિષેક કરી ત્રણ અંગલૂંછણા કરવા.)

૨. ચંદનપૂજા :- (નમોઽર્હત્)

આદિમં, યુગાદિનાથં-યુગ્મધર્મ-નિવારકમ્ ।
સ્ત્રી-પું ક્લોપદેશકં, ઋષભસ્વામિનં સ્તુમઃ ।।૨।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય,

અનંતાનંતજ્ઞાનશક્તયે, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે આદિનાથ-જિનેન્દ્રાય, ચંદનં યજામહે સ્વાહા।

(નવાંગી પૂજાના દુહા બોલી પૂજા કરવી.)।

૩. પુષ્પપૂજાઃ– (નમોઽર્હત્)

આદિજિનં વંદે ગુણસદનં, સદનન્તામલબોધમ્ રે।
બોધકતા ગુણ વિસ્તૃત કીર્તિ, કીર્ત્તિત પ્રથમ વિરોધંરે ।।૩।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશકતયે જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે આદિનાથ–જિનેન્દ્રાય પુષ્પં યજામહે સ્વાહા । (પુષ્પો ચઢાવવા.)

૪. ધૂપપૂજાઃ– (નમોઽર્હત્)

રોધરહિત વિસ્ફુર દુપયોગં, યોગં દધતમભંગં રે।
ભંગનયવજ્રપેશલવાચં, વાચંયમસુખ સંગંરે ।।૪।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશકતયે જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે આદિનાથ–જિનેન્દ્રાય, ધૂપં યજામહે સ્વાહા ।

૫. દીપકપૂજાઃ- (નમોઽર્હત્)

સંગતપદશુચિ વચન તરંગં, રંગં જગતિ દદાનં રે।

દાનસુર દ્રુમ મંજુલ હૃદયં, હૃદયંગમ ગુણભાનં રે ।।૫।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે આદિનાથ-જિનેન્દ્રાય દીપં યજામહે સ્વાહા।।

૬. અજાતપૂજાઃ- (નમોઽર્હત્)

ભાનન્દિત સુરવર પુન્નાગં, નાગર માનસ હંસં રે।

હંસ ગતિં પંચમગતિ વાસં, વાસવવિહિતાશંસં રે ।।૬।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે આદિનાથ-જિનેન્દ્રાય અક્ષતં યજામહે સ્વાહા ।

૭. નૈવદ્યપૂજાઃ- (નમોઽર્હત્)

સન્સન્તં નયવચનમ નવમં, નવમંગલ દાતારં રે।

તાર સ્વર મઘઘનપવમાનં, માન સુભટ જેતારં રે ॥૭॥

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, અનંતાનંતજ્ઞાનશક્તયે, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે આદિનાથ-જિનેન્દ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા ।

૮. ફળપૂજાઃ- (નમોઽર્હત્) (રાગઃ ભક્તામર)

ઈત્થં સ્તુતઃ પ્રથમ તીર્થપતિઃ પ્રમોદાત્, શ્રીમદ્યશો વિજય વાચક પૂંગવેન।

શ્રી પુંડરિક ગિરિરાજ વિરાજમાનો, માનોન્મુખાનિ વિતનોતુ સતાં સુખાનિ ॥૮॥

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, અનંતાનંતજ્ઞાનશક્તયે, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે આદિનાથ-જિનેન્દ્રાય, ફલં યજામહે સ્વાહા।

।। અથ રાજરાજેશ્વરી–ચક્રેશ્વરી દેવી અષ્ટપ્રકારી પૂજનમ્ ।।

૧. જળપૂજા :– (નમોઽર્હત્)

જયશ્રીમદ્યુગાદીશ, પદપદ્મમધુવ્રતે ।

સુરેન્દ્રાદિસુરશ્રેણિશ્લાઘ્યસદ્ગુણવિક્રમે ।।૧।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ જલં સમર્પયામિ સ્વાહા ।

(૨૭ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાને ૨૭ વાર પ્રક્ષાલ કરી ત્યારબાદ અંગલૂંછણા કરવા.)

૨. ગન્ધપૂજા :– (નમોઽર્હત્)

જય શ્રી દેવેદેવેન્દ્ર, પ્રશસ્યગુણવિક્રમે ।

શ્રીયુગાદિજગન્નાથક્રમામ્ભોજમધુવ્રતે ।।૨।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ ગન્ધં સમર્પયામિ સ્વાહા ।

(૨૭ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાની ૨૭ વાર વાસક્ષેપથી પૂજા કરવી.)

૩. પુષ્પપૂજા :- (નમોઽર્હત્)

ચક્રવિત્રાસિતાશેષ, રિપુચક્રપરાક્રમે।

ચક્રેશ્વરીસૂરિવૃન્દ, વન્દ્યમાનક્રમામ્બુજે ।।૩।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ પુષ્પં સમર્પયામિ સ્વાહા ।

(૨૭ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાની પુષ્પ પૂજા કરવી.

૪. ધૂપપૂજા :- (નમોઽર્હત્)

તીર્થપ્રવૃત્તિહેતુશ્રી, સૂરિમન્ત્રસ્ય પઞ્ચમે।

મન્ત્રરાજાભિધે સ્થાને સુપ્રતિષ્ઠે મહાબલે ।।૪।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ ધૂપં આઘ્રાપયામિ સ્વાહા ।

(૧૦૮ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાને ધૂપ ધરવો.)

૫. દીપકપૂજા :- (નમોઽર્હત્)

વરદેષ્વરિપાશાંકિતાપસવ્યચતુર્ભુજે !

સત્વહ્લાદિની હે ચક્રાંકુશસવ્યચર્તુશયે ।।૫।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ દીપકં દર્શયામિ સ્વાહા ।

(૧૦૮ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાને દીપક ધરવો.)

૬. અક્ષતપૂજા :- (નમોઽર્હત્)

સુપર્ણવાહને શ્રીમદ્ ગૌતમોપાસ્તિલાલસે ।

સ્વર્ણવર્ણે સદોદ્ભાસિસારાલઙ્કારરાજિતે ।।૬।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ અક્ષતં સમર્પયામિ સ્વાહા ।

(૧૦૮ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાની અક્ષત પૂજા કરવી.)

૭. નૈવેદ્યપૂજા :- (નમોઽર્હત્)

સૂરિભિઃ સતતં ધ્યેયે તેષામિષ્ટપ્રસાધિકે ।

સર્વ વિઘ્નાવલીઘાત, નિઘ્ને રક્ષાપરે સદા ।।૭।।

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ નૈવેદ્યં સમર્પયામિ સ્વાહા ।

(૨૭ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાને નૈવદ્ય ચઢાવવું.)

૮. ફલપૂજા :- (નમોઽર્હત્)

ચતુર્વિધસ્ય સંઘસ્ય સર્વોપ દ્રવનાશિનિ ।
સમાધાનં સુબોધિં ચ સદા દેહીષ્ટદે મમ ॥૮॥
સ્તૂયમાનમહાનેક,મુનિસુન્દર સંસ્તવૈઃ ।
સ્તુતે મયાપ્યભીષ્ટાપ્તિં ચક્રેશ્વરિ! વિધેહિ મે ॥૯॥

મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ચક્રેશ્વર્યૈ ફલં સમર્પયામિ સ્વાહા ।

(૨૭ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાને ફલ ધરવા.)

૯. વસ્ત્રપૂજા :- (નમોઽર્હત્) (રાગઃ કલ્લાણકંદં)

શ્રીમન્ મહાચીન-દુકુલનેત્રે, સત્ક્ષૌમ-કૌશેયક-ચીનવસ્ત્રે ।
શુભ્રાંશુકે સ્યેન-મણિ-પ્રભાઽઽગ ! । યજામહે શ્રીચક્રેશ્વરીદેવિમ્ ॥૧॥

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં ચક્રેશ્વર્યૈ વસ્ત્રં સમર્પયામિ સ્વાહા ।

(૨૭ વાર આ મંત્ર બોલી શ્રી ચક્રેશ્વરી માતાને ચૂંદડી ચઢાવવી.)

૧૦. ષોડશાભરણપૂજા :– (નમોઽર્હત્) (રાગઃ સ્નાતસ્યા)

કાઞ્ચિસૂત્ર વિનૂત સારનિચિતૈઃ કેયૂર-સત્કુણ્ડલૈર્ ।

મઞ્જિરાઙ્ગદ-મુદ્રિકાદિ-મુકુટ પ્રાલમ્બિકા-વાસકૈઃ ।

અગ્ર્યગ્ર્યાટિક-પટ્ટિકાદિ-વિલગદ્ ગૈવયકૈ ર્ભૂષણૈઃ ।

સિન્દુરાઙ્ગ સુકાન્તિ વર્ષ સુભગૈઃ સમ્પૂજયામો વયમ્ ॥૧૦॥

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં ચક્રેશ્વર્યૈ ષોડશાભરણં સમર્પયામિ સ્વાહા ।





।। દોરાભિમંત્રણ ।।

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ આદિનાથ અધિષ્ઠાત્રી શ્રી ચક્રેશ્વરી દેવિ સન્તર્પિતાસ્તુ

મમ વાઞ્છિતમ્ મમ સર્વકાર્યમ્ સાધય સાધય સ્વાહા ।।

ત્યારબાદ જો હવન વિધિ ન કરવાની હોય તો પરમાત્માની આરતિ તથા મંગળદીવો ઉતારવો અને પછી માતાજીની આરતી ઉતારવી.

।। ચક્રેશ્વરી માતાજીની આરતી ।।

(રાગઃ ૐ શ્રી શાંતિનાથ સમરીયે)

જય જય આરતિ દેવી તુમારી, આશા પુરો હે માત હમારી...(૧)

અષ્ટભુજા તવ શરીરે શોભે, અમને આપો સદ્‌બુદ્ધિ સારી...(૨)

ચક્ર બાણ–મુગટ ધરનારી, તમને વંદે સહુનરનારી...(૩)

આદિનાથ શાસન રક્ષિકા, ચતુર્વિધ સંઘની રક્ષાકારી...(૪)

માતા ચક્રેશ્વરી આરતિ તુમારી, કરતા જગમાં જય જયકારી...(૫)

ત્યારબાદ વિધિવત્ શાંતિકળશ, ચૈત્યવંદન, ક્ષમાપના, વિસર્જન આદિ કરવું.

॥ ક્ષમાપના મંત્ર ॥

ૐ આજ્ઞાહીનં ક્રિયાહીનં, મંત્રહીનં ચ યત્કૃતમ્, તત્ સર્વં કૃપયા દેવિ! ક્ષમ્યતામ્ પરમેશ્વરિ! ॥૧॥

ૐ આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્, પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વરિ! ॥૨॥

(ચોખાથી વધાવવા.)

(ત્યારબાદ વિસર્જન મુદ્રા કરી વાસક્ષેપ દ્વારા વિસર્જન કરવું.)

॥ વિસર્જન મંત્ર ॥

ૐ વિસર વિસર સ્વસ્થાનં ગચ્છ ગચ્છ પુનરાગમનાય પ્રસીદ પ્રસીદ સ્વાહા ।

(આ મંત્ર બોલી વિસર્જન મુદ્રા કરવી અને વાસક્ષેપ કરવો.)

॥ હવન વિધિ પ્રારંભ ॥

હવન માટે અગત્યની સૂચનાઓ

૧) હવનકુંડ ત્રણ મેખલાવાળો સમચોરસ કાચી ઈંટનો, આગળના ભાગમાં ઘી ની આહૂતિ માટે જીભવાળો બનાવવો, તથા આગળના દિવસે ધોળાવીને રાખવો, ત્રણેય પીઠોને મીંઢળ યુક્ત નાડાછડી બાંધવી.

૨) હવનમાં ઉપયોગમાં લેવાના લાકડા તથા ઔષધી વગેરેને જીવજંતુથી રહિત કરવા.

૩) લાકડાના નાના-નાના ટુકડાઓ કરાવી લેવા, અને એક મોટા થાળમાં મૂકવા.

૪) આહૂતિની ક્રિયા શરૂ કરતા પહેલા આ લાકડાઓને ઘીથી ભીંજવી તૈયાર રાખવા, કર્પૂરનું ચૂર્ણ તૈયાર રાખવું.

૫) આહૂતિ માટેની ગોળીઓ માટે કેસર, અગર, તગર, બરાસનો ભૂક્કો, નાગરમોથ, છેડ-છબીલો, અખરોટનો ભૂક્કો તથા હવનપૂડો, ખોપરોના બુરો મીક્ષ કરી તેમાં ઘી નાખી નાની-નાની ૧૦૮ ગોળીઓ બનાવવી.

૬) હવન માટે લાકડાનો ચમચો તૈયાર રાખવો.

૭) પૂજાદ્રવ્યો મૂકવા માટે તથા આહૂતિ આપવા માટે સ્ટીલના પાત્રનો ઉપયોગ કરવો નહીં.

૮) પ્રતિમા કે ફોટાની સન્મુખ જ હવનકુંડ હોય તો શ્રેષ્ઠ છે. શક્ય ન હોય તો નજીકના ખુલ્લા આકાશ નીચે હવનકુંડ બનાવી શકાય છે.

૯) હવનની પહેલા કુંભ તથા દીપક સ્થાપના કરાવવી.

૧૦) હવન સામગ્રીના દ્રવ્યો વ્યવસ્થિત યોગ્ય પાત્રમાં ગોઠવવાં.

૧૧) વિધિકારકે તથા પૂજનાર્થીઓએ હાથમાં મીંઢળ અથવા નાડાછડી બાંધવી, કેસરનું તિલક કરવું તથા પૂજન કરનારાઓને ફૂલની માળા અને મુકુટ ધારણ કરાવવા.

૧૨) આહૂતિ માટેના દ્રવ્યો અલગ-અલગ વ્યક્તિઓના હાથમાં આપી કુંડની સામે બેસાડવા.

૧૩) એક થાળીમાં રક્ષા પોટલી તથા લાલ ધાગા વાસક્ષેપ સાથે તૈયાર રાખવા.

૧૪) આરતિ તથા શાંતિકળશની તૈયારી કરી રાખવી.

૧૫) નાળિયેરના સુકા ગોળામાં ઉપરથી છેદ કરી ઘીથી સંપૂર્ણ ભરી વરખ લગાવવો.

૧૬) એક થાળીમાં લાપસી-ખીર-પૂરી-ભજીયા અને બાકુલા તૈયાર રાખવાં.

૧૭) સર્વ સામગ્રી ઉપર નવકારમંત્ર તથા શ્રી ચક્રેશ્વરી માતાનું સ્મરણ કરીને "ॐ वनस्पतयो" આ મંત્ર દ્વારા વાસક્ષેપ કરવો.

૧૮) હવનકુંડના ચારેય ખૂણામાં અને વચ્ચે કંકુથી સ્વસ્તિક કરી તેની ઉપર પાન, સોપારી અને નાળિયેરનો ગોળો પધરાવવો.

૧૯) હવનકુંડમાં લાકડા ગોઠવી થોડું કપૂર ગોઠવવું.

(સૌ પ્રથમ શુભ મુહૂર્તે કુંભ સ્થાપના વિધિ અને દીપક સ્થાપના વિધિ કરવી.)

સર્વપ્રથમ ત્રણ નવકાર પછી વજ્રપઞ્જર સ્તોત્ર બોલવું.

॥ અથ કુંભ સ્થાપના વિધિ ॥

(પ્રથમ સ્નાન કરી પૂજાના વસ્ત્રો પહેરવા, કેસરનું તિલક કરીને જમણા હાથે નાડાછડી અને મીંઢળ બાંધવા. હવે સજોડે અથવા સૌભાગ્યવંતી બહેન પાસે નીચેની વિધિ કરાવવી.)

(જ્યાં કુંભને સ્થાપના કરવાનો હોય ત્યાં ભૂમિ શુદ્ધિ કરીને તેના ઉપર બહેન પાસે કંકુનો સાથિયો દોરાવવો અને તેના ઉપર સવાશેર ડાંગર અથવા ચોખાનો સાથિયો કરાવવો...કુંભને નાડાછડી તથા મીંઢળ બાંધવું. નિમ્ન મંત્ર કુંભ ઉપર કેસર દ્વારા લખવો.)

-: કુંભ પર લખવાનો મંત્ર :-

મંત્રઃ- ॐ ह्रीँ सर्वोपद्रवान् नाशय नाशय स्वाहा ॥

(કુંભમાં ચંદનનો સાથિયો કરાવીને તેમાં સવા રુપિયો, ચોખા, સોપારી, પંચરત્નની પોટલી આદિ મૂકવું.) (એક-બે દિવસ અગાઉ કુંભ સ્થાપના કરવાની હોય તો તેમાં કપૂર નાખવું.)

(ત્યારબાદ શુદ્ધ પાણી લઈને તેના વડે અખંડ જલધારા પૂર્વક શુભ મુહૂર્તે એક નવકાર, એક ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલતા કુંભ ભરવો.)

(પછી નવકાર બોલવો, પછી ચાર નાગરવેલના પાન મૂકી ઘડામાં શ્રીફલ પધરાવી લીલા કપડાથી ઘડાને બાંધવો, ત્યારબાદ કેસરથી વિલેપન કરી, વરખ લગાવી, પુષ્પમાળા પહેરાવવી, સજોડાએ ઘડો ભરીને પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપતા ધવલ મંગલ ગીતો ગાવા અને ઘડાને ચોખાથી વધાવવો, પછી પ્રભુજીની જમણી બાજુ કુંભ સ્થાપનાની જગ્યા પર આવીને ડાંગરના સ્વસ્તિક ઉપર ત્રણ નવકાર ગણવાપૂર્વક નિમ્નોકત મંત્ર દ્વારા શ્વાસ સ્થિર કરી ઘડો પધરાવવો.)

મંત્રઃ- ॐ ह्रीँ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ।। (વાસક્ષેપ કરવો.)

(પછી હાથમાં કુસુમાંજલિ ગ્રહણ કરી નીચેનો શ્લોક બોલીને ત્રણવાર કુંભને વધાવવો.)

(રાગઃ સ્નાતસ્યા)

પૂર્ણં યેન સુમેરુશૃઙ્ગસદૃશં, ચૈત્યં સુદેદીપ્યતે,

યઃ કીર્તિં યજમાન-ધર્મકથન-પ્રસ્ફૂર્જિતાં ભાષતે ।

યઃ સ્પર્ધાં કુરુતે જગત્રયમહા-દીપેન દોષારિણા,

સોડયં મંગલ રુપ-મુખ્યગણનઃ કુમ્ભશ્ચિરં નન્દતાત્ ।।

।। અથ દીપક સ્થાપન વિધિ ।।

(કુંભની જમણી બાજુએ દીપક સ્થાપના કરવી. તેમાં નીચે કંકુ અથવા કેસરનો સાથિયો કરી ભીની માટી મૂકવી. ૐ હ્રીં સર્વોપદ્રવાન્ નાશય નાશય સ્વાહા । આ મંત્ર વડે નાડાછડી, મીંઢળ ફાનસને બાંધી, સાત નવકાર ગણી માટી પર તે ફાનસને મૂકવું પછી પરમાત્માની સમક્ષ સજોડાને બેસાડી ત્રાંબાના કોડીયામાં સાથિયો કરાવી તેમાં પંચરત્નની પોટલી, સવારુપિયા અને સોપારી મૂકવી પછી ૨૭ તારની દીવેટ મૂકવી.)

(પછી નિમ્નોક્ત શ્લોક ત્રણવાર બોલી શ્વાસ સ્થિર કરી કોડીયામાં ઘી પૂરાવવું.)

(રાગઃ આર્યાછંદ)

ૐ ઘૃતમાયુર્વૃદ્ધિકરં, ભવતિપરં જૈનદૃષ્ટિ સંપર્કાત્ ।

તત્સંયુક્તઃ પ્રદીપઃ પાતુ, સદા ભાવ–દુઃખેભ્યઃ સ્વાહા ।।

(પછી નીચેનો શ્લોક બોલીને અન્ય દીપક વડે દીપક પ્રગટાવવો.)

ૐ અર્હમ્–પઞ્ચજ્ઞાનમહાજ્યોતિ–ર્મયોઽયં ધ્વાન્ત ઘાતિને ।

ધ્યોતનાય પ્રતિમાયા, દીપો ભૂયાત્ સદાઽર્હતઃ ।।

(પછી સજોડે પરમાત્માની ત્રણ પ્રદક્ષિણા આપી દીપકની જ્યોત કુંભ સમક્ષ રહે તે રીતે માટી પર દીપકને સ્થાપન કરવો.)

(ગુરુભગવંતે અથવા વિધિકારકે નિમ્નોક્ત મંત્ર બોલવાપૂર્વક દીપક પર વાસક્ષેપ કરવો.)

ૐ અગ્નયોઽગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ

નિર્વધ્ય દેવી–પૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ,

નિષ્પાપાઃ સન્તુ, સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

(ફાનસને પુષ્પ–માળા પહેરાવીને કુસુમાંજલિપૂર્વક દીપકને વધાવવો.)

(સંપૂર્ણ હવન પર્યન્ત ધૂપ–દીપક અખંડ પણે ચાલુ રાખવા.)

(ત્યારબાદ વાસક્ષેપ દ્વારા હવન–ભૂમિશુદ્ધિ કરવી.)

મંત્રઃ– ॐ ભૂરસિ ભૂતધાત્રિ ! સર્વ ભૂતહિતે !

હવન–ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી વાસક્ષેપ વડે કુંડની દશે દિશામાં દશદિક્પાલદેવોનું આહ્વાન તથા વાસક્ષેપ વડે પૂજન કરવું.)

॥ દશ દિકપાલ દેવ વાસક્ષેપ પૂજન મંત્ર ॥ (નમોઽર્હત્...)

૧) ॐ ઈન્દ્રાય નમઃ (પૂર્વ)

૨) ॐ અગ્નયે નમઃ (અગ્નિ)

૩) ॐ યમાય નમઃ (દક્ષિણ)

૪) ॐ નૈઋતયે નમઃ (નૈઋતિ)

૫) ॐ વરુણાય નમઃ (પશ્ચિમ)

૬) ॐ વાયવે નમઃ (વાયવ્ય)

૭) ॐ કુબેરાય નમઃ (ઉત્તર)

૮) ॐ ઈશાનાય નમઃ (ઈશાન)

૯) ॐ બ્રહ્મણે નમઃ (ઉપર)

૧૦) ॐ નાગાય નમઃ (નીચે)

।। પાંચ સ્વસ્તિક વિધાન ।।

(એક પાટ પર ચોખાથી પાંચ સ્વસ્તિક કરી તેની ઉપર નાગરવેલનું પાન, તજ, લવિંગ, ઈલાયચી, સવારુપિયો, સોપારી અને બદામ મૂકવી અને નિમ્નોક્ત એક-એક મંત્ર બોલી એક-એક સ્વસ્તિક પર લીલું નાળિયેર, ચમેલીનું તેલ, કોઈપણ નૈવેદ્ય અને પુષ્પ અર્પણ કરવું.) (જમણી બાજુ દેવનું તથા ડાબી બાજુ દેવીનું સ્થાન રાખવું.)

મંત્રઃ- ૧. ૐ હ્રીઁ શ્રીઁ સર્વ જિનશાસન અધિષ્ઠાયકદેવેભ્યઃ સ્વાહા ।।

૨. ૐ હ્રીઁ શ્રીઁ ચતુઃષષ્ઠિ-ઇન્દ્રાય, દશદિક્પાલાય, નવગ્રહાય, સર્વ-યક્ષાય, દ્વાપઞ્ચાશત્-વીરાય, ચતુર્દ્વારપાલાય, ચતુર્વીરપાલાદિ-દેવાય, સ્વાહા ।।

૩. ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી અત્રસ્થ ક્ષેત્રપાલાય સ્વાહા ।।

૪. ૐ હ્રીઁ શ્રી સર્વ જિનશાસન અધિષ્ઠાયિકાદેવીભ્યઃ સ્વાહા ।।

૫. ૐ હ્રીઁ શ્રી ચતુઃષષ્ઠિ-યોગિન્યૈ, ષોડશ-વિદ્યાદેવ્યૈ, અષ્ટજયાદિ-દેવ્યૈ સ્વાહા ।

(પછી હવન કુંડની રક્ષા માટે નિમ્નોક્ત મંત્ર દ્વારા પીળા સરસવ ને ધૂપથી ધૂપી હવનકુંડની ચારે બાજુ જમીન ઉપર છાંટવા પ્રક્ષેપ કરવો.) નમોઽર્હત્...

સરસવ નિક્ષેપ મંત્રઃ– ૐ હ્રીં શ્રીં ક્ષાં સર્વોપદ્રવેભ્યઃ રક્ષ રક્ષ સ્વાહા ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી હવનકુંડની અગ્નિ પ્રગટાવવી. થોડું ઘી અને કપૂર ચૂર્ણ નાખવું.)

નમોઽર્હત્...

મંત્રઃ– ૐ રૅં રાં રીં રું રૌં રઃ નમોઽગ્નયે નમો, બૃહદ્ભાનવે નમો,

અનંત તેજસે કુણ્ડે આગચ્છ આગચ્છ અવતર અવતર તિષ્ઠ તિષ્ઠ સ્વાહા ।

શ્રી ચક્રેશ્વરિ ! મમ એષ યોગઃ સફલી ભવતુ ।।

(ત્યારબાદ નિમ્નોક્ત મંત્ર બોલી અગ્નિ શુદ્ધિ કરવી.)

નમોઽર્હત્...

અગ્નિશુદ્ધિ મંત્રઃ– ૐ અગ્નયોઽગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ નિર્વધ્ય દેવી

પૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ, નિષ્પાપાઃ સન્તુ,

સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

(ત્યારબાદ આહ્વાનાદિ વિધાન કરવું.)

॥ અથ આહ્વાનાદિ વિધાનમ્ ॥

આહ્વાન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ અવતરતમ્ અવતરતમ્ સંવૌષટ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ॥

સ્થાપન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ તિષ્ઠતમ્ તિષ્ઠતમ્ ઠઃ ઠઃ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ॥

સન્નિધાન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ મમ સન્નિહિતો ભવતમ્ ભવતમ્ વષટ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ॥

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ પૂજનં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ॥

અવગુંઠન મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ પરેષામદશ્યો ભવતમ્ ભવતમ્ ફટ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ॥

અંજલિ મુદ્રા : ૐ હ્રીઁ અર્હં શ્રી આદિનાથ ભગવન્ । શ્રી ચક્રેશ્વરી દેવિ ! અત્ર પૂજન વિધૌ ઈમાં પૂજાં



પ્રતીચ્છતમ્ પ્રતીચ્છતમ્ । નમઃ શ્રી આદિનાથચક્રેશ્વરીભ્યાં સ્વાહા ।।

(તત્પશ્ચાત્ નવકાર, ઉવસગ્ગહરંસ્તોત્ર બોલીને નિમ્નલિખિત ગ્રહ-શાન્તિ સ્તોત્ર બોલવું.)

।। ગ્રહશાન્તિ સ્તોત્ર ।।

જગદ્ગુરું નમસ્કૃત્ય, શ્રુત્વા સદ્ગુરુ-ભાષિતમ્ ।
ગ્રહશાન્તિં પ્રવક્ષ્યામિ, ભવ્યાનાં સુખહેતવે ।।૧।।
જિનેન્દ્રૈઃ ખેચરા જ્ઞેયાઃ, પૂજનીયા વિધિ-ક્રમાત્ ।
પુષ્પૈ ર્વિલેપનૈ ર્ધૂપૈ, નૈવેદ્યૈસ્તુષ્ટિ હેતવે ।।૨।।
પદ્મપ્રભસ્ય માર્તંડ-શ્ચન્દ્રશ્ચન્દ્રભસ્ય ચ ।
વાસુપૂજ્યસ્ય ભૂપુત્રો, બુધસ્યાઽષ્ટૌ જિનેશ્વરાઃ ।।૩।।
વિમલાનન્તધર્માઽરાઃ શાન્તિઃ કુન્થુર્નમિસ્તથા ।
વર્ધમાનસ્તથૈતેષાં, પાદપદ્મે બુધો ન્યસેત્ ।।૪।।
ઋષભાજિતસુપાર્શ્વા-શ્ચાભિનન્દનશીતલૌ ।

સુમતિઃ સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિઃ ।।૫।।

સુવિધેઃ કથિતઃ શુક્રઃ, સુવ્રતસ્ય શનૈશ્ચરઃ ।

નેમિનાથસ્ય રાહુઃ સ્યાત્, કેતુઃ શ્રીમલ્લિપાર્શ્વયોઃ ।।૬।।

જન્મલગ્ને ચ રાશૌ ચ, યા પીડન્તિ ખેચરાઃ ।

તદા સંપૂજયેદ્ધિમાન્, ખેચરૈઃ સહિતાન્ જિનાન્ ।।૭।।

પુષ્પ-ગંધાદિભિઃ ધૂપૈ, નૈવેદ્યૈઃફલ સંયુતૈઃ ।

વર્ણસદશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ ।।૮।।

જિનાનામગ્રતઃ સ્થિત્વા, ગ્રહાણાં, શાન્તિહેતવે ।

નમસ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ।।૯।।

ભદ્રબાહુરુવાચૈવં, પંચમઃ શ્રુતકેવલી ।

વિદ્યાપ્રવાદતઃ પૂર્વાદ્, ગ્રહશાન્તિ-વિધિઃ-શ્રુતઃ ।।૧૦।।

(ત્યારબાદ તિજયપહુત્ત સ્તોત્ર બોલવું.)

।। श्री तिजयपहुत्त स्तोत्रम् ।।

તિજયપહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં ।
સમય-ક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં ।।૧।।

પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણવર-સમૂહો ।
નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં ।।૨।।

વીસાપણયાલા વિ ય, તીસા પન્નત્તરી જિણવરિંદા ।
ગહ-ભૂઅ-રક્ખસાઈણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ ।।૩।।

સત્તરિ પણ-તીસા વિ ય, સટ્ઠી પંચેવ જિણગણો એસો ।
વાહિ-જલ-જલણ-હરિ-કરિ, ચોરારિ-મહાભય હરઉ ।।૪।।

પણપન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા ।
રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા ।।૫।।

ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહ ય ચેવ સરસુંસઃ ।
આલિહિય નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓ ભદ્રં ।।૬।।

ૐ રોહિણી પન્નત્તી, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ ।
ચક્કેસરિ નરદત્તા, કાલી, મહાકાલી તહ ગોરી ॥૭॥
ગંધારી મહજ્જાલા, માણવી વઇરુટ્ટ તહ ય અચ્છુત્તા ।
માણસી મહ-માણસિઆ, વિજ્જા-દેવીઓ રક્ખંતુ ॥૮॥
પંચદસ-કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરી જિણાણ સયં ।
વિવિહ-રયણાઈ-વન્નો, વસોહિઅં હરઉ દુરિઆઈં ॥૯॥
ચઉતીસ-અઈસય-જુઆ, અટ્ઠ-મહાપાડિહેર-કયસોહા ।
તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં ॥૧૦॥
ૐ વરકણય સંખવિદ્દુમ-મરગયઘણ-સન્નિહં વિગય-મોહં ।
સત્તરિસયં જિણાણં, સવ્વામર-પૂઇઅં વંદે સ્વાહા ॥૧૧॥
ૐ ભવણવઈ-વાણવંતર, જોઈસવાસી વિમાણવાસી અ ।
જે કે વિ દુટ્ઠ દેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા ॥૧૨॥
ચંદણ-કપ્પૂરેણં ફલએ, લિહિઊણ ખાલિઅં પીઅં ।

એગંતરાઇ-ગહ ભૂઅ, સાઇણિ-મુગ્ગં પણાસેઇ ॥૧૩॥

ઈસ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં ।

દુરિઆરિવિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ ॥૧૪॥

(ત્યારબાદ આહુતિ વિધાન પ્રારંભ કરવું.)

॥ અથ આહૂતિ વિધાનમ્ ॥

(નિમ્નોક્ત મંત્રો બોલી એક વ્યક્તિ માતાજીની વાસક્ષેપથી પૂજા કરે બીજા બધા હવનકુંડમાં આહૂતિ આપે.)

આહૂતિ મંત્ર :- "ॐ ह्रीँ श्रीँ चक्रेश्वर्यै गंधं पुष्पं आहूतिं सन्तर्पिताऽस्तु स्वाहा..." (આ મંત્ર ૧૦૮ વાર બોલી આહૂતિ આપવી.) આહૂતિ પૂર્ણ થયા બાદ ઘી તથા ખાંડથી ભરેલો નાળિયેરનો ગોળો હાથમાં લઈને એક નવકાર ઉવસ્સગ્ગહરં તથા મોટી શાંતિ બોલવી શાંતિ માં જ્યારે "ॐ स्वाहा, ॐ स्वाहा, ॐ श्री पार्श्वनाथाय स्वाहा।" આ પદ આવે ત્યારે નાળિયેરના ગોળાને હવનકુંડમાં સીધો પધરાવવો. પછી સુખડી, લાપસી આદિ નૈવેદ્યનો થાળ માતાજીને ધરાવવો.)



ત્યાર પછી ગુલાબજળ અથવા કાચુ દૂધ હાથમાં લઈ નિમ્નોક્ત મંત્ર બોલવો. મંત્રમાં અંતિમ પદ ''દેહિ દેહિ સ્વાહા'' આવે ત્યારે ગુલાબજળ અથવા કાચા દૂધને હવનકુંડમાં પધરાવવું.

પૂર્ણાહૂતિ મંત્ર :- ૐ અસ્મિન્ જંબુદ્વીપે ભરતક્ષેત્રે દક્ષિણાર્ધભરતે મધ્યખંડે.....દેશે..... પ્રાંતે.....નગરે.....સ્વામિજિન પ્રાસાદે શ્રી સંઘગૃહે શ્રેષ્ઠીવર્ય શ્રીમાન્.....પરિવાર કારિતે પ્રત્યક્ષ પ્રભાવિની ચમત્કાર ચુડામણિ શ્રી ચક્રેશ્વરી દેવી મહાપૂજનઆહૂતિવિધાનનિમિત્તે જિનશાસનરક્ષિકા રાજરાજેશ્વરી મહાદેવી ભગવતી ચક્રેશ્વરિ ! અસ્માકમ્ ઉપરી કૃપાદાત્રી ! ભવ ભવ ભોગં સુખં યશઃ સંતતિં ઋદ્ધિં વૃદ્ધિં બુદ્ધિં સિદ્ધિં સમૃદ્ધિં વ્યાપાર વૃદ્ધિં સહ કુટુંબસ્ય આરોગ્યં રાજ્યસુખં સર્વ જનવશ્યં સર્વ સમીહિતં કલ્યાણં સમકિત નિર્મલતાંચ દેહિ દેહિ સ્વાહા..... ।

(ત્યાર બાદ આગળ લખેલ પૂજન વિધિ અનુસાર પરમાત્માની આરતિ, મંગલદીપક ઉતારીને ચક્રેશ્વરી માતાજીની આરતી ઉતારવી. પછી શાંતિકળશ, ચૈત્યવંદન, ક્ષમાપના અને વિસર્જન વિધાન કરવું.)

।। ઈતિ શ્રી આદિનાથ ચક્રેશ્વરી મહાપૂજન વિધિઃ સમાપ્ત ।।

।। આદિનાથ–ચક્રેશ્વરી દેવી મહાપૂજનની સામગ્રી લિસ્ટ ।।

કેસર ગ્રામ ૧	વાસક્ષેપ ૫૦૦ ગ્રામ	દશાંગ ધૂપ ૧૦૦ ગ્રામ
કંકુપ ધૂપ ૧૦૦ ગ્રામ	ધૂપનો પડીયો ૧ નંગ	સોનાનો વરખ ૨ નંગ (૨ પેજ)
રુપેરી વરખ ૧૦ થોકડી	સોનેરી બાદલું ૨ ગ્રામ	રુઈ ૧ બંડલ
નાડાછડી ૧ નંગ	ચમેલીનું તેલ ૧ શીશી	કપૂર ૧ ગોટી
સર્વૌષધિ ૧૦ ગ્રામ	ગુલાબજળ ૧ શીશી	અત્તર શીશી ૩ શીશી
રક્ષાપોટલી પૂજનાર્થી પ્રમાણે	રેશમી લાલ દોરા પૂજનાર્થી પ્રમાણે	
તજ–લવિંગ–ઈલાયચી ૨૦–૨૦ ગ્રામ	સુકો મેવો ૫૦૦ ગ્રામ (મીક્ષ)	
નાગરવેલના પાન ૧૫ નંગ	કાચના ગ્લાસ ૨૭ નંગ	બોયા ૫૦ નંગ
ગુલાબના કુલ ૨૦૦ નંગ	અન્ય કુલ ૧ કિ.ગ્રા.	
	ફળ	
લીલા નાળિયેર ૪ નંગ	સુકા શ્રીફળ ૧૧ નંગ	દાડમ ૧૧ નંગ

મોસંબી ૧૧ નંગ

મીઠાઇ

પેંડા ૧ કિ.ગ્રા.

મીક્ષ મીઠાઇ ૩ કિ.ગ્રા.

ધાન્ય

ચોખા ૧૦ કિ.ગ્રા.

ઘઉં ૨ કિ.ગ્રા.

મગ ૨ કિ.ગ્રા.

ચણાદાળ ૨ કિ.ગ્રા.

મસુર ૨ કિ.ગ્રા.

કાળાઅડદ ૨૫૦ ગ્રામ

સફરજન ૧૧ નંગ

ગોરસ

ગાયનું દૂધ ૨ લીટર

ગાયનું ઘી ૧ કિ.ગ્રા.

ગાયનું દહીં ૧ વાટકી

કાપડ

લીલુ કપડું ૦.૨૫ મીટર

નેપકીન ૨ નંગ

અંગલૂંછણા ૫ નંગ

કટાસણા ૫ નંગ

પાટલૂંછણા ૫ નંગ

સાડી ૧ નંગ

ચૂંદડી ૧ નંગ

અન્યફળ ૨૧ નંગ

ઘરે બનાવવાનું નૈવેદ્ય

લાપસી ૨૫૦ ગ્રામ

ભજીયા ૧૧ નંગ

પુરી ૭ નંગ

ભોજનનો થાળ



દેરાસરનો સામાન

શાંતિનાથ ચો. ૧ નંગ

ચક્રેશ્વરી-યંત્ર પ્રતિમા ૧ નંગ

પાંચ દીવાની આરતી ૧ નંગ

થાળી-ડંકો ૧ નંગ

દીપક ૨ નંગ

પૂજાની કટોરી ૧૦ નંગ

કુંડી ૩ નંગ

માળા ૧૫ નંગ

ચૂંદડી ૧ નંગ

સિદ્ધચક્રજી ૧ નંગ

ચક્રેશ્વરી યંત્ર પ્રતિમા ૧ નંગ

શાંતિ કળશ ઘડો ૧ નંગ

બાજોઠ ૨ નંગ

મોટી થાળી ૨૦ નંગ

કળશ ૧૦ નંગ

મોટાપાટ ૩ નંગ

નાના પાટળા ૧૫ નંગ

સોળ શૃંગાર

વાળી ૧ નંગ

ત્રિગડું ૧ નંગ

૧૦૮ દીવાની આરતી ૧ નંગ

મંગળદીવો ૧ નંગ

ધૂપધાણા ૨ નંગ

નાની થાળી ૨૦ નંગ

પિત્તળ બાલ્ટી ૩ નંગ

મુગટ ૧૫ નંગ

સેર ૧ (જોડ)

સિંદુર ૧ ડબ્બી	કાંચ ૧ નંગ	ગજરો ૧ નંગ
મુગટ ૧ નંગ	પુષ્પમાળા ૧ નંગ	કંકુ પેકેટ
છત્ર ૧ નંગ	બંગડી ૬ જોડ	કુંડલ ૧ જોડ
ચાંલ્લા ૧ પેકેટ	મહેંદી ૧ પેકેટ	કાંસકો ૧ નંગ
વીંટી ૧ નંગ		

